

# કાવ્ય-કોડિયાં

‘શૂન્ય’ પાલનપુરી

# 'શૂન્ય' પાલનપુરી

**[અલીખાન ઉસમાનખાન બલૂચ]**

**જન્મ:19 ડીસેમ્બર,1922 અમદાવાદ**

**કાવ્યસંગ્રહો:**

**શૂન્યનું સર્જન**

**શૂન્યનું વિસર્જન**

**શૂન્યના અવશેષ**

**શૂન્યનું સ્મારક**

**ખૈયામ**

**સરનામું:**

**31/861 મનેહરુનગર, કુરલા,મુંબઈ 400-024**

# અનુક્રમણિકા


ગમે ત્યારે હોળી, ગમે ત્યાં દિવાલી
કવન વેચવાં છે
લચકે છે કદમ આજની રાત
મરવું પડે છે
અમૃત પાયું
હજુ કંઠે પ્રાણ છે
વામનથી મોટું કદ નથી
નયનની જીભે પુકાર આવે
કવન-મસ્તી
હાથ ફેલાવી નથી શકતો
પાલવ
વહેતું પાણી છે
નયનમાં શ્રવણ છે
એ વાત હું મોઘમ રાખું છું
શોધ
ગૌરવ-કથા ગુજરાતની
મનમાં થયું
સંઘરી લેજે હૃદયમાં
મિલકત પરાઇ છે
બોલ્યું ફોક !
ઓર ટહુકે છે મયુર !
નિદાન નથી
હિમાયત
ખબર
હકૂમત જિંદગી
સૌના ધાર્યાથી જુદી
નજરની ધૂળ
વણઝાર છું
જીવન મારું ! મરણ મારું !
પાણી બતાવશું
પ્રતિભાઓની ટક્કરમાં
મરશે નહિ
પંથ કાપે છે
રસ્તો નથી જડતો
રંગધારા
તો હું શું કરૂં ?
કોણ માનશે ?
મસ્તીમાં ચૂર
લો આવજો, સલામ !
બધા ઓળખે છે
ભ્રમણાની જાળ
પ્રાણ હરખાતો નથી
ફૂલોનું ઝેર
કારણ વગર
ઉથલ પાથલ
ઉકળતો ચરૂ છે
નજર કરવી રહી
લો રામ રામ
તીરથ-ધામ
તોફાન છે
સૌંદર્યનો જવાબ કહો
કરુણાની ધારા
ભટકતા મુસાફર
વિસરાઇ જાશું
નજરની પ્યાસી પ્યાસી
સુણાવી જાય છે
વિચારમાં
લાચાર હોય છે
રંગ ઉન્માદ છે
જ્વાળામુખીનું જતન

## ગમે ત્યારે હોળી, ગમે ત્યાં દિવાલી

અમો પ્રેમીઓના જીવનમાં વસી છે,
આ સૌંદર્ય-સૃષ્ટિની જાહોજલાલી;
ધરા છે અમારા હૃદય કેરો પાલવ,
ગગન છે અમારા નયન કેરી પ્યાલી.
અમે તો કવિ, કાળને નાથનારા,
અમારે તો આઠે પ્રહર છે ખુશાલી;
આ બળબળતું હૈયું, આ ઝગમગતાં નયનો,
ગમે ત્યારે હોળી, ગમે ત્યાં દિવાલી !
મરણ ને જીવનનો ઇજારો સમર્પી,
ફનાને અમરતાની આપી બહાલી;
સુરક્ષિત રહે એનાં સર્જન-રહસ્યો,
એ ખાતર વિધાતા ગયો ચાલ ચાલી !
હજારો પથિક આ તિમિર-ઘેરા પથ પર,
વિના તેજ અટવાઈ વલખી રહ્યાં છે !
જલાવી દે જીવન ! નયન-દીપ તારાં,
બનાવી દે બળતા હૃદયને મશાલી.
કોઈની લગનમાં નયનને નિચોવી,
મેં ટપકાવી જે યાદ રૂપે રસેલી;
બની એ પ્રણયની અમરતાનું સ્મારક
લઇ તાજની સર્વ જાહોજલાલી.
તિરસ્કૃત જીવન ! આ તો છે મૃત્યુ-આંગણ;
નથી કોઇના ઘરનો ઉંબર કે ડરીએ !
ગજું શું કે બેઠા પછી કોઇ અહીંથી,
ઉઠાડે તને કે મને હાથ ઝાલી ?
મને ગર્વ છે કે આ મારી ગરીબી
અમીરાતની અલ્પતાઓથી પર છે,
સિકંદરના મર્હૂમ કિસ્મતના સોંગદ,
રહ્યા છે જીવનમાં સદા હાથ ખાલી.
તને એકમાંથી બહુની તમન્ના,
બહુથી મને એક જોવાની ઇચ્છા;
કરે છે તું પ્યાલામાં ખાલી સુરાહી,

અનુક્રમણિકા

કરું છું હું પ્યાલા સુરાહીમાં ખાલી.
બધાં નામનો નાશ નક્કી છે કિંતુ,
અમર નામ છે શૂન્ય મારું જગતમાં;
ફના થઈને પણ શૂન્ય રહેવાનો હું તો,
નહીં થાય મુજ નામની પાયમાલી.

==============================================

## કવન વેચવાં છે

હૃદય-રક્તથી જેનું સીંચન કર્યું છે,
એ જીવન-ચમનનાં સુમન વેચવાં છે;
ખરીદો, ખરીદો, ઓ દુનિયાના લોકો !
અમોલાં અમોલાં કવન વેચવાં છે.
ગરીબાઈની લાજ રાખી છે જેણે
એ ધીરજનાં છૂપાં રતન વેચવાં છે;
કફનની રહે જોગવાઇ એ માટે
અમારે અમારાં જીવન વેચવાં છે.
ખરીદી શકે છે કોઈ પણ જગતમાં
વિનિમયમાં આપી શકે જો પ્રભુને;
જે શ્રદ્ધાની મોંઘેરી મૂડી સમા છે,
એ સઘળાં અશક્તિ નમન વેચવાં છે.
નથી જોઈતી અલ્પતા દેવગણની
મળી જાએ શંકરનું ગૌરવ અમોને;
એ ખાતર જીવનના બધા ઝેર સાટે
આબાકીના સઘળાં રતન વેચવાં છે.
કદરદાન દિલદાર કોઈ તો મળશે
નથી સાવ કૈં લાગણી-શૂન્ય દુનિયા;
ફક્ત એક સંતોષનું સ્મિત રાખી
કરુણાનાં સઘળાં રૂદન વેચવાં છે.

==============================================

## લચકે છે કદમ આજની રાત

મોતનો ડર કે નથી જીવનો ગમ આજની રાત;
શૂન્ય પામી ગયો આનંદ પરમ આજની રાત.
ભવ્ય કૈં ઓછું નથી આખરી પ્રેમીનું મિલન !

અનુક્રમણિકા

રૂબરૂ આવતાં મૂંઝાય છે યમ, આજની રાત.
એમ લાગે છે નિકટ કયાંક છે મંઝિલ એની;
ચાલતા શ્વસના લચકે છે કદમ આજની રાત.
ઝેર આપ્યું તો નથી મારા જીવનને કાળે ?
દર્દ કાં થાય છે હંમેશથી કમ આજની રાત ?
અંત ચાહું છું જીવનભરની બધી પીડાનો;
કોઈ આપે નહિ તો બાના કસમ આજની રાત.
પ્રેમને રૂપનું પ્રત્યક્ષ મિલન થાવા દો !
દૂર થઇ જાશે બધા ભેદ-ભરમ આજની રાત.
પ્રેમ-વિવેકની લાગે છે ખરેખર અવધિ,
નામ પર કોઇના અટકે છે કલમ આજની રાત.
કોઇની યાદના નશ્તરની સફળતા દેખો !
શૂન્ય, ફૂટી ગયા આંખોના જખમ આજની રાત.

=======================================

## મરવું પડે છે

જમાનાનું ધાર્યું ચે કરવું પડે છે !
કમોતે ઘણીવાર મરવું પડે છે !
નથી જેવી તેવી કૃપા પ્રેમ કેરી;
પ્રથમ એને સર્વસ્વ ધરવું પડે છે.
પ્રગટ થાય છે અલ્પતા આપ મેળે,
સદા બુદબુદાને ઉભરવું પડે છે.
જીવન-પંથનો થાક પૂછો ન અમને,
ઉતારે ઉતારે ઉતરવું પડે છે.
ન સમજો ન સમજો ઇશારો જીવનનો,
ફના કેરા પંથે વિહરવું પડે છે.
ન કરજો કદી પણ સુખોની તમન્ના,
જે વીતે છે સઘળું વિસરવું પડે છે.
છૂપાં છે પરિવર્તનો શૂન્ય, એમાં,
દુ:ખી દિલની આહોથી ડરવું પડે છે.

=======================================

## અમૃત પાયું

દર્પણ દીઠું તો સમજાયું !
રૂપથી ઓજસ હોય સવાયું.
દિનચર્યા શું વિરહી જીવનની
સાંજ પડી કે વા'ણું વાયું ?
આંખ મિલાવી પ્રેમથી કોણે,
ઝેરની સાથે અમૃત પાયું ?
ગમનો પણ આઘાત છે કેવો ?
હસતાં હસતાં રોઈ પડાયું.
એક પતંગાની હિંસામાં,
દીપકનું સર્વસ્વ હણાયું.
અંત પળે પણ સ્પષ્ટ થયું ના;
સત્ય ગયું કે સ્વપ્ન હરાયું ?
યાદ ભ્રમરની તડપાવી ગઈ,
કોઈ કમળ જ્યાં શુન્ય, બિડાયું.

===================================

## હજુ કંઠે પ્રાણ છે

ડૂબી નહીં શકું ભલે પાણીમાં તાણ છે;
હિંમત છે નાખુદા, અને વિશ્વાસ વા'ણ છે.
અવસર વહી જશે તો ફરી આવશે નહીં;
આવી શકો તો આવો હજુ કંઠે પ્રાણ છે.
અશ્રુનો આશરો છે તો ઝીલી શકું છું તાપ;
નજરો શું કોઈની છે ? જલદ અગ્નિ-બાણ છે.
સમજી શક્યું ન કોઇ મને એનો ગમ નથી;
દુનિયાથી મારે સાવ નવી ઓળખાણ છે.
ચાલી રહ્યો છું એમ ફના પંથે રાતદિન;
જાણે મને કોઇના ઇરાદાની જાણ છે !
લઇ જાઓ, આવો ઉર્મિઓ ! એકેક અશ્રુને;
આવ્યું છે કોઈ એની ખુશાલીની લા'ણ છે.
સમજી શકે જો ધર્મતણો સાર માનવી;
સર્વાંગ એ જ શૂન્ય, અઢારે પુરાણ છે.

અનુક્રમણિકા

## વામનથી મોટું કદ નથી

જિંદગીના કાર્ય કેરી હદ નથી,
શ્વાસને મરવાની પણ ફૂરસદ નથી.
માત્ર ત્રણ પગલાં છે સૃષ્ટિની વિસાત !
અવનિમાં વામનથી મોટું કદ નથી.
રૂપના પરદા લગી આવી ગઈ,
એથી આગળ તો નજરની હદ નથી.
મેં તો માન્યું સ્વર્ગમાં આરામ છે,
તું જ કર પુરવાર ત્યાં નારદ નથી.
શૂન્ય, આ સર્જનની પાછળ હું જ છું,
એ સનાતન સત્ય છે હું પદ નથી.

==============================

## નયનની જીભે પુકાર આવે

જીવનની ઓથે મરણ છુપાવી,
કપટથી જ્યારે સવાર આવે,
પ્રથમ કિરણથી મિલાપ કરવા
ગુલોને કહેજો તુષાર આવે.
જીવન-મરણ છે સમાન એને,
સહેજે નિશદિન વિયોગ તારો.
ચમન-વિખૂટા ગુલાબને શું ?
ખિઝાં રહે કે બહાર આવે !
નથી તમારા સિતમને માઝા,
કહે હવે શું બિચારી ધીરજ ?
હૃદયનું મુખ જો દબાવી રાખે,
નયનની જીભે પુકાર આવે.
મરણને જાણે મહાત કરવા
રમે છે જીવન સજોર ચાલો;
જરાક ચાલે આ પ્રાણ-પ્યાદું,
મદદમાં બેબે સવાર આવે !
જીવનનો સાચો પથિક પર છે
સુખોદુ:ખોની ખુશીગમીથી,

ન હોય સરખો હંમેશ રસ્તો,
ચઢાવ આવે ! ઉતાર આવે !
સ્વતંત્રતા વિણ ગુલામ માનસ !
નથી જીવનની કશી જ કિંમત;
અમૂલ્ય મોતી બને છે,
જ્યારે એ છીપ મૂકી બહાર આવે.
ઘડ્યો છે જેને મેં ભાવનાથી
હજાર પરદા કરે ભલે ને !
એ મારી પોતાની ભાવના છે,
હું જ્યારે ચાહું બહાર આવે.
પ્રણય મિલાવી શકે છે એવી
અનોખી રીતે જીવન-સિતારી,
હૃદયના તારે ઊઠે જો દીપક,
નયનના તારે મલ્હાર આવે.
ખરેલ પુષ્પો ફરીથી ખીલે,
વિકાસ પામે સૂકેલ કળીઓ,
હે શૂન્ય ! આવી શકે તો મારા
ચમનમાં એવી બહાર આવે !
=========================================

## કવન-મસ્તી

આંખ છે ને સતત રુદન-મસ્તી !
પ્રેમનું થઈ ગયુંવ્યસન મસ્તી.
મોત જીવનમાં ઓતપ્રોત હતું,
એક એ પણ હતી નયન-મસ્તી.
ભાન ! એ કોઇનું નયનથી પ્રયાણ !
કોઇનું દિલમાં આગમન, મસ્તી !
એ જ પૂર્ણત્વ સમજો ભક્તિનું,
ભાન ભૂલી કરે નમન, મસ્તી.
રાત-દી જાપ અશ્રુ-માળા પર
વાત રે, પ્રેમની રટન-મસ્તી !
ભાનથી કેમ છે વિમુખ નિશદિન !
છે કયા ભેદનું જતન મસ્તી ?

અનુક્રમણિકા

નાશ ના ભય વગર વિકાસ મગન,
તું જ માણે છે હે સુમન મસ્તી !
ભાનથી છે સુખી મહદ અંશે,
એટલે છે સદા મગન મસ્તી.
જ્યોત પોતે પતંગ છે આજે,
શું કહું પ્રેમની જલન-મસ્તી ?
જ્ઞાન તો ઠીક ભાન પણ ક્યાં છે ?
મન હવે મૂક તુજ મનન-મસ્તી !
પુષ્પ-શૈયા, પલંગ કાંટાનો
વાહ રે ! શૂન્યની શયન-મસ્તી !

=======================================

## હાથ ફેલાવી નથી શકતો

નજરથી દૂર એવી કલ્પના લાવી નથી શકતો,
જુદું સંસારથી હું સ્વર્ગ સર્જાવી નથી શકતો.
તમારી યાદને અંતરથી વિસરાવી નથી શકતો,
ફક્ત એક જ એ પાનું પ્રેમથી ઉથલાવી નથી શકતો.
કોઈ સમજે કે ના સમજે એ બીજી વાત છે કિંતુ,
અહીં મારા જ અંતરને હું સમજાવી નથી શકતો.
જીવનથી શ્રેષ્ઠ બીજું શું મળી શકશે જગતમાંહે ?
કદી હું કોઇ આગળ હાથ ફેલાવી નથી શકતો.
વિચાર આવે છે મોજાંની બધી લિજ્જત મરી જાશે,
કિનારો જોઇને પણ નાવ થોભાવી નથી શકતો.
કોઇનાં સર્જનોનો જાળવું છું ભેદ દૃષ્ટિમાં,
રહીને ભાનમાં પણ ભાનમાં આવી નથી શકતો.
તમારી યાદ શું શું કે'ર વર્તાવે છે જાણીને,
તમારું નામ પણ હોઠો સુધી લાવી નથી શકતો.
ગણું છું પ્રેમ-બંધનને પ્રથમ સોપાન મુક્તિનું,
જગતના ત્યાગની વાતો હું અપનાવી નથી શકતો.
તમન્ના જિંદગીની છે કંઈ એવી પ્રબળ આજે,
મળે જો પુણ્ય તો પણ પાપ અટકાવી નથી શકતો.
તડપતી આહ અંતરની વાણી લાવે છે ગઝલમાં,
કહ્યું કોણે જગતને શૂન્ય તડપાવી નથી શકતો.

અનુક્રમણિકા

## પાલવ

આંખ સાથે ખુવાર છે પાલવ;
વિરહની યાદગાર છે પાલવ.
અશ્રુ-ભીનાં નયનની બલિહારી !
કોઇનો બેકરાર છે પાલવ.
ફૂલ કીધાં'તા એકઠાં એક દી,
ત્યારથી તારતાર છે પાલવ.
એ પુરાવો છે વ્યક્ત અશ્રુનો,
તંગ છે દિલ, ઉદાર છે પાલવ.
હાય નિષ્ઠુરતા જમાનાની !
વ્યગ્ર દિલનો કરાર છે પાલવ
રોઇને શૂન્ય, પાપ ધોઇ લો
અંતમાં તુજ ઉગાર છે પાલવ.

========================================

## વહેતું પાણી છે

કૈંક અંતરની વાત જાણી છે;
એટલે આંખ પાણી પાણી છે.
હાથ જીવન કરીને બેઠી છે;
કેટલી કામના ય શાણી છે ?
એમ હું આત્મ-ત્યાગ માગું છું;
કૈંક દુનિયાને મેં પિછાણી છે.
હું તો દૃષ્ટિની ખેર માગું છું,
રીત દર્શનની ક્યાં અજાણી છે ?
ખુલ્લી આંખે જીવન હકીકત છે,
બંધ આંખે ફક્ત કહાણી છે.
ચક્ષુઓ શું છે ? બે કિનારા છે;
લાગણી શું છે ? વહેતું પાણી છે.
મન હરી લે છે શૂન્યની ગઝલો,
શી કલાયુક્ત કાવ્યવાણી છે !

અનુક્રમણિકા

## નયનમાં શ્રવણ છે

શ્વાસે શ્વાસે નવી વિમાસણ છે,
જિંદગી સર્વ દુ:ખનું કારણ છે.
એકને કણ છે એકને મણ છે,
વિશ્વનું પણ ખુદાઇ ધોરણ છે.
કૈંક તો છે વિસાત જીવનની !
કાળનો જુલ્મ શું અકારણ છે ?
રાતદિવસ સમાન લાગે છે,
કોઈની આંખનું એ કામણ છે.
એક વખતે પ્રણયની બે આલમ,
ગ્રીષ્મ દિલમાં, નયનમાં શ્રાવણ છે.
ગમનો માર્યો શરાબ પી લઉં છું,
ઝેરનું માત્ર ઝેર મારણ છે.
ખુદ ખુદાનું ય એ જ છે વર્તન !
માનવી જાણે આંખનું કણ છે.
મારાં અશ્રુમાં દુ:ખની છાંટ નથી,
પ્રેમ ને રૂપનું એ દ્રાવણ છે.
એક બિંદુ ન થઈ શકે સિંધુ !
દેહધારીને એ જ અડચણ છે.
કેમ દુનિયા સુંવાળી લાગે છે ?
હોય ના હોય, કોઈ નાગણ છે !
કાળ મૂકે છે ક્યારે શોર બકોર ?
મૌન ધરવામાં શૂન્ય, ડહાપણ છે.

=======================================

## એ વાત હું મોઘમ રાખું છું

આવે છે અગર અશ્રુ આંખે,
પી જાઉં છું, સંયમ રાખું છું;
જે વાત છે મારા અંતરની,
એ વાત હું મોઘમ રાખું છું.
એક તું કે નથી પરવા જેને,
એક હું કે સદા ગમ રાખું છું;

અનુક્રમણિકા

ઓ પથ્થરદિલ ! લે તું જ કહે,
દિલ કેવું મુલાયમ રાખું છું !
હું પ્રેમનાં બંધન છોડું છું,
પણ પ્રેમ ન બંધન છોડે છે;
દુનિયાથી સદંતર દૂર છતાં,
દુનિયાની ગતાગમ રાખું છું.
એ સૂર્ય-કમળ, એ ફૂલ-ભ્રમર,
એ ચાંદ-ચકોરો શું જાણે ?
છે પ્રેમ કરુણામય મારો,
હું પ્રેમ અનુપમ રાખું છું.
ચિંતાઓ, વ્યથાઓ, અશ્રુઓ,
નિશ્વાસ, નિરાશા, લાચારી;
એક જીવને માટે જીવનમાં
મૃત્યુના ઘણા યમ રાખું છું.
એક વાર નમાવી ચરણોમાં
ના શીશ ઉઠાવી જાણું છું,
એ ગર્વ નથી પણ શ્રદ્ધામાં
મસ્તક હું અણનમ રાખું છું.
ઓ ફૂલમાં કંટક જોનારા !
ઓ ચંદ્રમાં ડાઘા કહેનારા !
એ દોષ છે તારી દૃષ્ટિનો,
એ દોષની હું ગમ રાખું છું.
ઠારીને ઠરું એ દીપ નથી,
બાળીને હું બળું એ જ્યોત નથી;
એક પુષ્પ છું જીવન-ઉપવનમાં,
હું રંગ ને ફોરમ રાખું છું.
વાવ્યું જે ગઝલનું ઉપવન મેં
એક શૂન્ય હૃદયની ભૂમિમાં;
સીંચીને ઊર્મિ-રક્ત વડે એ
બાગ લીલોછમ રાખું છું.

==========================================

અનુક્રમણિકા

## શોધ

તું યદિ છે સૂર્યનાં કિરણો મહીં,
હું તને ઝાકળ બની ભેટી લઈશ;
તું યદિ છે પુષ્પના અંતર મહીં,
હું ભ્રમર થઇને તને ચુંબન દઇશ.
 હું તો મસ્તાનો છું તારી શોધનો.
તું યદિ સંતાઇ બેસે બેઘડી,
કોક અંધારા ખૂણે સંસારમાં;
આગિયા પેઠે સ્વયં-દીપક બની,
શોધતો આવીશ એ અંધકારમાં.
 હું તો પરવાનો છું તારી શોધનો.

========================================

## ગૌરવ-કથા ગુજરાતની

વિશ્વને રોશન કરી ગઇ દીપિકા ગુજરાતની,
સૂર્ય પણ જોતો રહ્યો જ્યોતિ-કલા ગુજરાતની.
'ડાંગ' માર્યાથી કદી પાણી જુદાં થાતાં નથી,
દુશ્મનોએ જોઈ છે ક્યાં એકતા ગુજરાતની ?
મુક્તિ કેરા ગાલ પર લાલી અમસ્તી ના ગણો,
રંગ લાવી છે શહીદી-ભાવના ગુજરાતની.
ભાગ્ય પર પુરુષાર્થની મારી છે લોખંડી મહોર,
ભૂલશે ઇતિહાસ ના ગૌરવ-કથા ગુજરાતની.
ચંદ્ર ને સૂરજ કહે છે રાતદિ', 'જય સોમનાથ !'
કાળના હૈયે જડી છે અસ્મિતા ગુજરાતની.
માતા કેરા ચીર સાથે ખેલનારા ! સાવધાન !
કૈં મહાભારત ન સર્જે ઉર વ્યથા ગુજરાતની.
શૂન્ય, મારી જિંદગીને તો જ લેખું ધન્ય હું,
મૃત્યુ ટાણે પણ મળે જો ગોદ 'મા' ગુજરાતની.

========================================

અનુક્રમણિકા

## મનમાં થયું

હેમને મનમાં થયું કે, 'થાય કૈં મારી કદર !'
એટલે પામર સમા પથ્થરથી ટકરાવું પડ્યું.
મોતીને મનમાં થયું કે, 'હું ય આભૂષણ બનું 1'
કાળ કેરા ક્રૂર કરથી એને વીંધાવું પડ્યું.
ફૂલને મનમાં થયું કે, 'વિશ્વમાં પ્રસરે સુવાસ !'
એટલે એના સુકોમળ તનને ચીરાવું પડ્યું.
દીપને મનમાં થયું કે, 'ફેડું તિમિર સંસારનાં !'
જ્યોતની જ્વાળામાં આખી રાત હોમાવું પડ્યું.
મેંદીને મનમાં થયું કે, 'રંગ લાવે જિંદગી !'
એટલે સંતાપ કેરી ખલમાં પીસાવું પડ્યું.
એક આરસને થયું કે, 'દેવ થઈ બેસું જગે !'
એટલે માનવના હસ્તે એને ટંકાવું પડ્યું.
શૂન્યને મનમાં થયું કે, 'હું ય કૈં સર્જન કરું !'
એટલે દિનરાતનાં બે પડમાં રીબાવું પડ્યું.

============================================

## સંઘરી લેજે હૃદયમાં

સંઘરી લેજે હૃદયમાં એમ જખમોનાં સુમન !
છે વિભૂષિત જેમ સૂરજ-ચંદ્ર-તારાથી ગગન !
આપજે તુજ રૂપનો કૈં એમ દુનિયાને જવાબ !
જેમ કાદવમાં કમળ હો ! જેમ કાંટામાં ગુલાબ !
એમ ઠાલવજે અવિરત હાસ્યથી મનનાં ઉમંગ !
જેમ ઉપવનમાં વસંતો ! જેમ સાગરમાં તરંગ !
કાપજે એવી અદાથી આફતો ભરપૂર રાહ !
જેમ પર્વત ચીરતો ચાલે સરિતાનો પ્રવાહ !
એમ કરજે શૂન્ય હર હાલતમાં ગૌરવનું જતન !
ઉન્નતિ હો જ્યોતિ જેવી ! મેહૂલા જેવું પતન !

=========================================

અનુક્રમણિકા

## મિલકત પરાઇ છે

મુકદ્દરની કનડગત છે, સમયની બેવફાઈ છે;
જીવનની લાજ ખુદ એના જ ઘરનાંથી લૂંટાઈ છે !
દિલે પોતે જ પરખાવા ન દીધું પોત દુનિયાનું ;
સુમન ઓથે જ કંટકની બધી લીલા રમાઇ છે.
તરંગોના બળે સાતે ગગનને આવરી લેશું,
હવાઈ મંઝિલો કાજે તુરંગો પણ હવાઈ છે.
અમર પંખી ! પરમ સદભાગ્ય !
કે પીંજર મળ્યું નશ્વર !
ખુશીથી દર્દ માણી લે, ઘડીભરની જુદાઈ છે.
દયા ખાજો બળી શકતા નથી એવા પતંગોની,
દીપકની આગમાં તો વેદના-મુક્તિ લપાઇ છે.
જીવન અર્પણ કરી દીધું કોઇને એટલા માટે,
મરણ આવે તો એને કહી શકું,
'મિલકત પરાઇ છે !'
અમસ્તી હોય ના ભરતી કદી ઉર્મિના સાગરમાં,
એ કોની પ્રેરણાથી શૂન્યની ગઝલો લખાઇ છે !

==========================================

## બોલ્યું ફોક !

'નેતિ'માંશું સમજે લોક ?
બ્રહ્માનું બોલ્યું સૌ ફોક !
ભક્તિને શી રોક ને ટોક ?
એના ચરણે ચૌદે લોક !
જીવન છે બળિયાની હાકલ !
મૃત્યુ એની મૂંગી પોક !
એક અણુ બ્રહ્માંડને ભારે;
મૂરખ મન, જિજ્ઞાસા રોક !
એ તરવાથી ડૂબવું બહેતર;
નિર્બળ જાણી તારે કોક !
શૂન્યે લીધું જન્મનું બંધન,
સૃષ્ટિમાં હરખાયો શોક.

અનુક્રમણિકા

## ઓર ટહુકે છે મયુર !

કોઇને પણ મારે શી પેગામ દેવાની જરૂર ?
ફૂલની ખુશ્બૂ સ્વયં પહોંચી વળે છે દૂર દૂર.
તીવ્ર હો મનની વ્યથા તો ગીત ગૂંજે છે મધૂર,
વાદળોની ગર્જનામાં ઓર ટહૂકે છે મયૂર.
માફ કર ઇશ્વર, મને તારી ક્ષમા ના જોઇએ !
કોણ નિત જોયા કરે નિર્દોષ હૈયાની કસુર ?
સૂર્ય સામે પીઠ ધરનારા, તને કયાં ભાન છે ?
તારો પડછાયો જ કરશે ગર્વ તારો ચૂર ચૂર !
કાળ ખુદ ઢોળે પવન એ તો પરમ સદભાગ્ય છે !
બાઝશે મોતી અગર જીવન હશે કરુણાપ્રચૂર !
સાફ કહી દે શૂન્ય, એ ગુંગળાવનારા કાળને,
'ધૂમ્રના ગોટા પછી ભડકો થવાનો છે જરૂર !'

==========================================

## નિદાન નથી

પવનની સૂઝ નથી, નાવડીનું ધ્યાન નથી,
દિશાનું જ્ઞાન નથી, અવદશાનું ભાન નથી;
કર્યો છે હાલ બૂરો એવો નાખુદાઓએ,
ખુદા ન હો તો સલામત અમારો જાન નથી.
નથી ઇલાજ કશો એ ખરું વિધાન નથી;
અમારા દર્દનું કોઈ કને નિદાન નથી.
થયું છે કેવું પતન દિલને એનું ભાન નથી ?
ખુદાને ખુદ હવે એના જ ઘરમાં સ્થાન નથી.
સફરમાં વિઘ્ન છે લાખો ને રાહબર પણ છે;
યકીન-મસ્ત મુસાફરને એનું જ્ઞાન નથી.
બને તો શૂન્ય, કરાવી દે ભાન ઈશ્વરને !
કહે છે રોજ કે બીજું કોઈ મહાન નથી.

============================================

અનુક્રમણિકા

## હિમાયત

ઉન્માદ સંગ ખેલીને આફત નહીં કરો,
માથે ચડાવી પંથ કયામત નહીં કરો,
એક નિશાની આપની બાકી નહીં રહે,
પગલાંને પૂજવાની હિમાયત નહીં કરો.

========================================

## ખબર

નયનમાં કીકી સ્વરૂપે નજર મળી મુજને;
બહુ નજીકથી મારી ખબર મળી મુજને.

========================================

## હકૂમત જિંદગી

ક્યાકં રાહત જિંદગી છે, ક્યાંક હરકત જિંદગી;
ફૂલ-કાંટા બેઉની રાખે છે રંગત જિંદગી.
ભોગવી છે બીતાં બીતાં એમ સમજીને અમે,
છે કોઈ નામરદનાં ખ્વાબોની જન્નત જિંદગી.
હાથ ખુલ્લા હોય તો પણ કોઈ ના પામી શકે ?
છે ખરેખર બંધ મુઠ્ઠીની કરામત જિંદગી.
માત્ર એક જ નાવ ઊગરશે ઓ દુનિયા-વાસીઓ,
નૂહના તોફાન કેરી છે ઇશારત જિંદગી.
એમ ખેલે છે વિધાતા ભાગ્ય સાથે રાતદિન,
હોય જાણે કો અગમની બાળ-ગમ્મત જિંદગી.
લાભ લે ઇન્સાન એનો, છે ખુદાઈ હાથમાં !
ચાર દી તો ચાર દી, પણ છે હકૂમત જિંદગી.
શૂન્ય, એક અવશેષ પેઠે એને સાચવવી રહી,
પ્રેમના ખંડેર જેવી છે ઈમારત જિંદગી.

---

## સૌના ધાર્યાથી જુદી

એક ઇચ્છાનું અડપલું, કેદ જન્મોજન્મની !
જીવની તકસીર નીકળી સૌના ધાર્યાથી જુદી.
દર્દમંદોને મળી ગઈ ચાર દીની સલ્તનત;
પ્રેમની તકદીર નીકળી સૌના ધાર્યાથી જુદી.

અનુક્રમણિકા

મુક્તિની મુક્તિ અને બંધનનું બંધન થઈ ગઈ;
જુલ્ફની જંજીર નીકળી સૌના ધાર્યાથી જુદી.
કોઈ દુનિયાદારનું અનુમાન સાચું ના પડ્યું;
શૂન્યની તસ્વીર નીકળી સૌના ધાર્યાથી જુદી.

=====================================

## નજરની ધૂળ

મંઝિલનું રૂપ લઈને ફરે છે સફરની ધૂળ !
કાઢી રહી છે આંખડી એની નજરની ધૂળ !
યત્નો છતાં જમાનો વિસારી નહીં શકે !
દેશે ઊડીને યાદ અમારી કબરની ધૂળ.
વંટોળ વિશ્વનાં અને વાતાવરણ મલિન,
કૈં રીતથી હું ઓછી કરું શૂન્ય, ઘરની ધૂળ ?

==============================

## વણઝાર છું

પ્રેમ છું નખશિખ યાને સૃષ્ટિનો શણગાર છું,
આવો પામી લો મને હું રૂપનો સંસાર છું.
જીવતર હો કે મરણ, બેઉચહે છે મુજ શરણ,
દીન-દુ:ખિયાને દિલાસો આપતો આધાર છું.
શાનથી જીવી શકું છું એમ દોરંગી જગે,
ફૂલ છું ક્યારેક તો, ક્યારેક તલ્વાર છું.
માર્ગ-દર્શક પાંચ, નવસો સાથીઓ, સરદાર એક.
એકલો દેખાઉં છું પણ હું સ્વયં વણઝાર છું.
કોઇ રહેવાનું નથી બાકી ફક્ત મારા વિના !
શૂન્ય રૂપે હું સકળ બ્રહ્માંડને પડકાર છું.

==========================================

## જીવન મારું ! મરણ મારું !

જગતનાં અંત-આદિ બેઉ શોધે છે શરણ મારું !
હવે શું જોઇએ મારે ? જીવન મારું ! મરણ મારું !
અધૂરા સ્વપ્ન પેઠે કાં થયું પ્રગટીકરણ મારું ?
હશે કો અર્ધ-બીડી આંખડી કાજે સ્મરણ મારું !
અગર ના ડૂબતે ગ્લાનિમહીં મજબૂર માનવતા !

અનુક્રમણિકા

કવિ રૂપે કદી ના થાત જગમાં અવતરણ મારું !
કહો ધર્મીને સંભળાવે નહીં માયાની રામાયણ,
નથી એ રામ કોઈમાં, કરી જાએ હરણ મારું !
રડું છું કેમ ફૂલો પર ? હસું છું કેમ ઝાકળ પર ?
ચમન-ઘેલા નહીં સમજે કદાપિ આચરણ મારું.
હું નામે શૂન્ય છું ને શૂન્ય રહેવાનો પરિણામે,
ખસેડી તો જુઓ દૃષ્ટિ ઉપરથી આવરણ મારું !

==============================================

## પાણી બતાવશું

જાશું જઇને કાળની ગરદન ઝુકાવશુ;
સંસાર પરથી જુલ્મની હસ્તી મિટાવશું.
જ્વાળાઓ ઠારશું અને ફૂલો ખિલાવશું;
જગને અમારા પ્રેમનો પરચો બતાવશું.
કમજોરથી અમે નથી કરતા મુકાબલો;
કોણે કહ્યું કે, 'મોતથી પંજો લડાવશું ?'
મૃગજળને પી જશું અમે ઘોળીને એક દી,
રણને અમારી પ્યાસનું પાણી બતાવશું.
ચાલે છે ક્યાં વિરોધ વિના કોઈ કારભાર ?
ભરશું જો ફૂલછાબ તો કાંટા ય લાવશું !
ડૂબેલ માની અમને ભલે બુદબુદા હસે !
સાગર ઉલેચશું અને મોતી લુંટાવશું.
આખી સભાને સાથમાં લેતા જશું અમે;
અમને ઉઠાડશો તો કયામત ઉઠાવશું.
બળશે નહીં શમા તો જલાવીશું તન-બદન !
જગમાં અખંડ-જ્યોતનો મહિમા નિભાવશું.
માથા ફરેલ શૂન્યના ચેલા છીએ અમે,
જ્યાં ધૂન થઈ સવાર ત્યાં સૃષ્ટિ રચાવશું.

=====================================

અનુક્રમણિકા

## પ્રતિભાઓની ટક્કરમાં

રમે છે રંગ ને ખુશ્બૂ અહર્નિશ મારા અંતરમાં;
વસંતોને કરી કેદ મેં જીવનના પીંજરમાં.
નિરાશા પણ સરસ દોરી શકે છે ચિત્ર આશાનું;
પ્રતિભા છે ઉષાની રાતના અશ્રુ-કલેવરમાં.
લો આવો શ્વાસ ખાઈ લો તૂટેલી નાવના તખ્તે;
મળે છે એટલો ય ક્યાં વિસામો ભવ-સમંદરમાં ?
અમી-દૃષ્ટિને સરખાવો નહીં સંજીવની સાથે,
અમી-દૃષ્ટિ તો પ્રગટાવી શકે છે પથ્થરમાં.
ધરાવે છે ઘણો રસ કેમ સર્જક માનવી માંહે !
કમી છે સૌ, 'વસંત આવી,' પરંતુ કેમ આવું છે ?
નથી કાં ફેર દેખાતો મને ઉપવન ને પીંજરમાં ?
હરખ ને શોક બાંધી લે પોતાની મર્યાદા,
કરે છે કોઈનું ઝંખ્ન જવાની પ્રેમ-ઉંબરમાં.
મને એ નાખુદા પર છે ખુદા કરતાં વધુ શ્રદ્ધા,
કિનારો જોઇ જે પાછો વળી જાએ સમંદરમાં.
જગત હેરાન થઈ જાશે પ્રતિભાઓની ટક્કરમાં.

==============================================

## મરશે નહિ

હેમ સો ટચનું હશે પણ યોગ્ય એ ઠરશે નહીં;
જ્યાં લગી ખુદ પથ્થરોથી પાર ઊતરશે નહીં.
લાખ પટકે શિર કિનારા ! લાખ પોકારે વમળ !
નાવ મુજ ખાલી થયા વિણ ક્યાંય લાંગરશે નહીં.
પ્રાણ રેડો પ્રાણ ! ઓ જડવાદીઓ નિજ કાર્યમાં,
લાશને તો ધરતી-પટ પર કોઈ સંઘરશે નહીં.
બુદબુદોને જો વિકસવું હો તો વિકસે મોજથી,
મોતીઓ એમાં રુકાવટ કોઇ દી કરશે નહીં.
પથ્થરો કરતા રહે મનફાવતી રીતે પ્રહાર !
ફૂલના અંતરથી ચિન્ગારી કદી ઝરશે નહીં.
ખારની વાતો અનેદિલ ! માફ કર દુનિયા મને,
ફૂલ-ચાહક, ફૂલ-દાની ફૂલ વિણ ભરશે નહીં.

અનુક્રમણિકા

ગોઠવે માયા ભલે સામે પ્રપંચી મોરચો !
સત્ય જેનો સારથિ છે એ કદી ડરશે નહીં,
માત્ર ઉલ્કાને જ એ ભીતિ રહે છે રાતદિન,
જે હકીકતમાં સિતારા છે કદી ખરશે નહીં.
ઓ તિમિર-પ્રેમી, ગજું શું તારી પામર ફૂંકનું ?
રત્નના દીવા સ્વયં ઝંઝાથી પણ ઠરશે નહીં.
મોતને કહી દો ન મૂકે હોડમાં નિજ આબરૂ,
શૂન્ય છે એ કોઇનો માર્યો કદી મરશે નહીં.

==================================================

## પંથ કાપે છે

સમયથી હાર પામી જ્યાં સિકંદર ભોંય માપે છે,
વિજેતાની અદાથી પ્રેમ ત્યાં ગીતો આલાપે છે.
ઘડીના ભાગમાં ઉથલાવી નાખું ભાગ્યની સત્તા,
પરંતુ પ્રેમ ક્યારે એટલી નવરાશ આપે છે ?

ન કર વિશ્વાસ, ઓ પંથી , નથી કાયમનો સથવારો;
નજર પાછળ કરી તુજ સાથીઓ નિજ પંથ કાપે છે.

તમે દૃષ્ટિ ખસેડી તો જીવન બેહાલ થઇ જાશે,
બુઝે છે  ભર-સભામાં દીપ તો અંધેર વ્યાપે છે.

ધરા સરકી રહી છે પગ તળેથી શૂન્ય, ઘર આગળ,
અને મને છે કે નિત બ્રહ્માંડનો અવકાશ પામે છે.

==============================================

## રસ્તો નથી જડતો

કદમ અસ્થિર હો એને કદી રસ્તો નથી જડતો;
અડગ મનના મુસાફરને હિમાલય પણ નથી નડતો.
તમારા મનને જીતી લો તો હું માનું, 'સિકંદર છો',
નહીંતર દિગ્વિજય ઉચ્ચારવામાં શ્રમ નથી પડતો.
સદા સંસારીઓ પર શ્રાપ છે સંતાપ સહેવાનો;
ધરાથી દૂર ઉડનારાને પડછાયો નથી અડતો.
બનાવીને સુરાલયનો ખુદા એને કરું સજદા !

અનુક્રમણિકા

બતાવો એક પણ એવો, નશો જેને નથી ચડતો !
નજર હો તો બતાવે છે બધું શ્રદ્ધા જ ઘર બેઠાં;
ફરે છે બાવરો થઈ શૂન્ય કાં જંગલમાં આથડતો ?

==================================

## રંગધારા

આવ મુજ બરબાદીઓની રંગધાર જોઇ જા !
લોહીનાં આંસુ ને પાંપણના કિનારા જોઇ જા !

દોર છે કેવો દમનનો જિંદગીના રાજમાં ?
મોત પણ આપી નથી શકતું સહારા, જોઈ જા !

ધ્રુવ ઓઝલ હોય તો ક્યાંથી દિશા-સૂચન મળે ?
ભાગ્યના અંધકાર પર હસતા સિતારા જોઇ જા !
દિલ ઉપરથી દેહ પર ને દેહ પરથી પ્રાણ પર !
મગ્ન તાંડવમાં પ્રણય કેરા તિખારા જોઈ જા.

હાલ છે જોવા સમા અશ્રુવિહોણી આંખના !
આવ એક દોઆબ પર રણના ધસારા જોઈ જા !

પ્રેમ કેરી પીઠ ને કાતિલ જમાનાની કટાર,
લોહી થઇ રૂસ્વાઈના ઊગતા ફુવારા જોઇ જા !
દુર્દશા બેઠી છે તારી શૂન્ય, ઉર-મહેલાત પર !
થઈ ગયા એમાં ભૂતાવળના ઉતારા જોઈ જા.

======================================

## તો હું શું કરૂં ?

કોઈ પથ્થર ઉગામે તો હું શું કરું ?
ફૂલ ફેં'કું ન સામે તો હું શું કરું ?
દુઃખ ઘણું છે મને બાજી સંકેલતાં,
જીત પણ હાર પામે તો હું શું કરું ?
લાખ ચાહું કે દિલનો ખૂલે ના ભરમ !
પ્રેમ દફતર ઉથામે તો હું શું કરું ?
તારલાઓને દાબી તો રાખું છતાં,
રાતનો રંગ જામે તો હું શું કરુ ?

અનુક્રમણિકા

કાળનું મોં કદી હું તો જોઉં નહીં,
એ જ આવે સલામે તો હું શું કરું ?
આબરૂથી ડરી લાખ નાસું છતાં,
કોઈ દામનને થામે તો હું શું કરું ?
શૂન્ય છે શ્વાસ-મૂડી તણા વ્યાજમાં !
એ મળી હો અરામે તો હું શું કરું ?

====================================

## કોણ માનશે ?

દુઃખમાં જીવનની લાણ હતી, કોણ માનશે ?
ધીરજ રતનની ખાણ હતી, કોણ માનશે ?
શૈયા મળે છે શૂળની ફૂલોના પ્યારમાં !
ભોળા હૃદયને જાણ હતી, કોણ માનશે ?
લૂંટી ગઇ જે ચાર ઘડીના પ્રવાસમાં,
યુગ યુગની ઓળખાણ હતી, કોણ માનશે ?
ઉપચારકો ગયા અને આરામ થઇ ગયો !
પીડા જ રામબાણ હતી, કોણ માનશે ?
આપી ગઈ જે ધાર જમાનાની જીભને,
નિજ કર્મની સરાણ હતી, કોણ માનશે ?
જ્યાં જ્યાં ફરુકતી હતી સૌંદર્યની ધજા,
ત્યાં ત્યાં પ્રણયની આણ હતી, કોણ માનશે ?
પાગલના મૌનથી જે કયામત ખડી થઇ,
ડાહ્યાની બૂમરાણ હતી, કોણ માનશે ?
કારણ ન પૂછ પ્રેમી હૃદય જન્મ-ટીપનું,
નિર્દોશ ખેંચ-તાણ હતી, કોણ માનશે ?
બેફામ થઇ ગયું છે મરણ જેના કેફમાં,
જીવન-સુરાની લાણ હતી, કોણ માનશે ?
ઈશ્વર સ્વરૂપે જેને જગત ઓળખી રહ્યું,
એ શૂન્યની પીછાણ હતી, કોણ માનશે ?

======================================

## મસ્તીમાં ચૂર

પુણ્ય અને પાપોથી દૂર !
જીવન છે મસ્તીમાં ચૂર !
કેમ ન હો માનવ મગરૂર ?
સૃષ્ટિ પર કોનું છે નૂર ?
આંખ મહીં નિત ઉમટે પૂર !
તોય અંતર તૃષાતુર !
પ્રેમનો છે એ પુણ્ય-પ્રભાવ !
સત્ય નિકટ છે માયા દૂર !
દર્શનના અભિલાષ ન કર,
કણ કણમાં સળગે છે તૂર.
નાશ ને સર્જન એક જ સંગ !
જાણે બીજ મહીં અંકૂર !
પ્રેમ જગતમાં જઇને પૂછ,
ઈર્ષા પણ છે એક દસ્તૂર !
ઈશ્વર હો કે હો બ્રહ્માંડ !
કાંઇ નથી દૃષ્ટિથી દૂર !
શૂન્યની આંખે જોતા થાવ !
મળશે કાંઈ ન ક્ષણભંગૂર.

==========================================

## લો આવજો, સલામ !

રાહ્ત-પસંદ સાથીઓ, લો આવજો સલામ !
પંથે ચડી ગયા પછી આરામ છે હરામ !
થાકેલ મંદ ચાલ પણ મૃત્યુથી કમ નથી,
ઝડપી સમયનો કાફલો કરતો નથી વિરામ.
મનના ઉમંગી અશ્વને સમયની કેદ શી ?
કાબેલ હો સવાર તો ઊડવા દો બે-લગામ !
સૂકી સરિત આંખડી ! સૂની સમાધ મન ?
હદથી વધે વિયોગ તો આવે છે એ મુકામ !
ગાયે જા શૂન્ય, પ્રેમને ફળની તમા વિના !
કાંટાનો તાજ હોય છે પેગંબરી ઈનામ !

અનુક્રમણિકા

## બધા ઓળખે છે

પરિચય છે મંદિરમાં દેવોને મારો,
અને મસ્જિદોમાં ખુદા ઓળખે છે;
નથી મારું વ્યક્તિત્વ છાનું કોઇથી,
તમારા પ્રતાપે બધા ઓળખે છે.
સુરાને ખબર છે, પિછાણે છે પ્યાલી,
અરે ! ખુદ અતિથિ ઘટા ઓળખે છે;
ન કર ડોળ સાકી, અજાણ્યા થવાનો,
મને તારું સૌ મયકદા ઓળખે છે.
પ્રણય-જ્યોત કાયમ છે મારા જ દમથી,
મેં હોમી નથી જિંદગી કાંઈ અમથી;
સભાને ભલે હોય ના કૈં ગતાગમ,
મને ગર્વ છે કે શમા ઓળખે છે.
મેં લોયાં છે પાલવથી ધરતીના આંસુ,
કરુણાનાં તોરણ સજાવી રહ્યો છું;
ઊડી ગઈ છે નીંદર ગગન-સર્જકોની,
મને જ્યારથી તારલા ઓળખે છે.
અમે તો સમંદર ઉલેચ્યો છે, પ્યારા !
નથી માત્ર છબછબિયાં કીધા કિનારે;
મળી છે અમોને જગા મોતીઓમાં,
તમોને ફક્ત બુદબુદા ઓળખે છે.
તબીબોને કહી દો કે માથું ન મારે,
દરદ સાથે સીધો પરિચય છે મારો;
હકીકતમાં હું એવો રોગી છું જેને,
બહુ સારી પેઠે દવા ઓળખે છે.
સ્વયં હું જ રાહી, સ્વયં હું જ મંઝિલ,
મળી છે મને સ્થિરતા ધ્રુવ જેવી;
સદીઓથી મારી ખબર છે દિશાને,
યુગોથી મને કાફલા ઓળખે છે.
દિલે શૂન્ય, એવા મેં જખ્મો સહ્યા છે,
કે સૌ પ્રેમીઓ મેળવે છે દિલાસો;

અનુક્રમણિકા

છું ધીરજનો મેરુ ખબર છે વફાને,
        દયાનો છું સાગર ક્ષમા ઓળખે છે.

========================================

## ભ્રમણાની જાળ

ચમકે આંસુ પાને પાને; સળગે ફૂલો ડાળે ડાળ;
કાંટે કાંટે દીપનાં તોરણ;
                ઉપવન આખું ઝાકઝમાળ !
ડીલ ઉપર ચોળીને કાદવ શોભાવો દરિયાની પાળ;
ડોળ કરી લો એવો જાણે કાઢી છે મોતીની ભાળ !
અંગે થાક, ચરણમાં છાલાં,
                રહેબર ખૂંટલ, મંઝીલ દૂર;
તોય અમારે તો ભરવાની હરણાં પેઠે લાંબી ફાળ !
જ્વાળાઓમાં વસવાનું છે; જુલ્મ સહીને હસવાનું છે;
સ્વર્ગનાં સુંદર સ્વપ્ન સલામત !
                વેઠી લેશું નર્કની જાળ.
સૂઝ દિશાની પૂરેપૂરી, મારગ પણ છે સાવ જ ધોરી;
હોંશ પરંતુ હૈયા-ફૂટી રઝળાવે છે અંતરિયાળ !
આઘુંપાછું જોયા વિણ એ કેમ ન ભાગે જીવ લઇને ?
જીવન-મૃગની પૂંઠે લાગ્યા મૃત્યુના વરુઓ વિકરાળ !
ઓ રણવાળા ! ખેર મનાવો,
                પ્યાસ હજી છે મૃગજળ-ઘેલી,
ભાન થયું તો ફૂંકી દેશે એ જ ઘડી ભ્રમણાની જાળ !
મોંઘેરી મહેમાન છે મુક્તિ
                શૂન્ય, તમારા રંગ ઉપવનમાં,
સ્વાગત માટે કૈંક તો લાવો, આંસુ તો આંસુની માળ !

========================================

## પ્રાણ હરખાતો નથી

જ્યાં લગી કાંટો સુમનનો કરમાં ભોંકાતો નથી,
બાગનો સાચો પરિચય ત્યાં લગી થાતો નથી.
એ જ સાચો ઝવેરી સારહીન સંસારમાં,
કાચ ને હીરામાં જેને ફેર દેખાતો નથી.
જેટલા હાતમ છે એ પણ આખરે મહોતાજ છે,
એ જ કારણ હાથ મારો ક્યાંય લંબાતો નથી.
છે અમારે મન તો એ નિર્મળ ઝરણ પણ ઝાંઝવાં,
જેમના કાંઠે તરસતો પ્રાણ પણ હરખાતો નથી.
જાઓ દુનિયાની ખબર તો લો કે એને શું થયું ?
કેમ તાજો ઘાવ દિલ પર આજ દેખાતો નથી ?
સાહ્યબી તો એ જ ઘરની હો ભલે અદના કુતિર,
દિલનો દરવાજો કદી જ્યાં શૂન્ય, ભીડાતો નથી.

=====================================

## ફૂલોનું ઝેર

કાંટાના ડંખ સાથ છે ફૂલોનું ઝેર પણ
વાળે છે શું વસંત ગયા ભવનું વેર પણ.
તણખા છે સંસ્કૃતિના કળિયુગનો વાયરો
જંગલની જેમ ભડકે બળે છે શહેર પણ.
દૃષ્ટિની સાથ સાથ પડળ પણ છે આંખમાં
જ્યોતિની ગોદમાં છે તિમિરનો ઉછેર પણ.
આવ્યા, તમાશો જોયો અને લીન થઈ ગયા....
ભૂલી ગયા કે પાછા જવાનું છે ઘેર પણ.
શંકર બધું જ પી ન શક્યા શૂન્ય, એટલે
આવ્યું છે વારસામાં અમારે ઝેર પણ.

========================================

## કારણ વગર

જીવતરમાં આશનું છળ હોય ના કારણ વગર
ડગલે પગલે મોત આગળ હોય ના કારણ વગર.
પ્યાસને પંપાળવાનું માત્ર એ પરિણામ છે
પ્રાણ મારા ! રણમાં મૃગજળ હોય ના કારણ વગર.

અનુક્રમણિકા

પ્રકૃતિની હર અવસ્થા છે પરમ સૌભાગ્યની
સાંજ કુમકુમ રાત કાજળ હોય ના કારણ વગર.
એમ લાગે છે હથેલીનું જ કારસ્થાન છે
આંગળાંનું ઐક્ય પોકળ હોય ના કારણ વગર.
સ્મિતનો શણગાર આંસુઓ જ હોવાં જોઇએ
ફૂલના પાલવમાં ઝાકળ હોય ના કારણ વગર.
ભાગ્ય પર બાંધ્યો હશે એણે વધુ પડતો મદાર
આટલો પુરુષાર્થ નિર્બળ હોય ના કારણ વગર.
કોઈ દિવાનો હશે બેઠો અઢેલીને જરૂર
શૂન્ય, આ મેરુ અવિચળ હોય ના કારણ વગર.
==========================================

## ઉથલ પાથલ

પ્રેમમાં દુનિયા ઉથલ પાથલ કરી બેઠા અમે
બે ઘડીના સ્વપ્નમાં ધાંધલ કરી બેઠા અમે.
ભૂલથી છેડી કોઇના જુલ્ફ કેરી દાસ્તાં
એક માઝમ રાતને પાગલ કરી બેઠા અમે.
પ્રેમ-દૃષ્ટિમાં હતી એ ધાર કે ખુદ રૂપને
શબ્દ ઉચ્ચાર્યા વિના ઘાયલ કરી બેઠા અમે.
દોસ્તી બાંધી હતી સાગરથી એળે ના ગઈ
ઘેર બેઠાં મોતીઓ હાંસલ કરી બેઠા અમે.
શૂન્ય ! એક દી ભાન ભૂલી જિંદગીના કેફમાં
મોત જેવા મોતને હાકલ કરી બેઠા અમે.
=================================

## ઉકળતો ચરૂ છે

મળી આંખ તે દીથી બળવું શરૂ છે
હવે તો જીવન એક ઉકળતો ચરૂ છે.
હવે પ્રીતનો તાગ મુશ્કિલ છે પ્યારા
હતું બીજ કાલે તે આજે તરુ છે.
એ થનગનતા હૈયાને દીવાલ કેવી ?
પગે શૃંખલા જેને મન ઘૂંઘરૂ છે.
સુંવાળી નથી દોસ્ત ! કર્તવ્ય-કેડી

ગુલાબોથી ઝાઝા અહીં ગોખરૂ છે.
નયનને કહો નામ બોળે ન દિલનું
કે સંયમમાં એની કૈંક આબરૂ છે.
હો શંકા તો લાવો છબી ને મિલાવો
સ્વયં શૂન્ય રૂપે ખુદા રૂબરૂ છે.

==============================================

## નજર કરવી રહી

સૌ પ્રથમ સમા દિલ પર નજર કરવી રહી
એ પછી કો નેણ કાતિલ પર નજર કરવી રહી.
કાંઇ પણ જોવા સમું બાકી નથી દુનિયા મહીં
એટલે મારે હવે દિલ પર નજર કરવી રહી.
જોઈ જખ્મી હાલ મારા એને આવી છે રહમ
મોત સુધરે એમ કાતિલ પર નજર કરવી રહી.
ક્યાંક ભૂલ્યો છું સફરની ધૂન મહીં નિજ લક્ષ્યને
જઇને પાછા સર્વ મંઝિલ પર નજર કરવી રહી.
મોતને આસાન કરવું હોય તો અય જિંદગી
ઇશ્ક જેવી કોઇ મુશ્કિલ પર નજર કરવી રહી.
સાંભળ્યું છે એ ય નૌકાઓને ભરખી જાય છે
ઓ ભંવર ક્યારેક સાહિલ પર નજર કરવી રહી.
જ્યારથી છોડી ગયા છો આપ એ રોનક નથી
શૂન્યની સૂની મહેફિલ પર નજર કરવી રહી.

=====================================

## લો રામ રામ

વિરહમાં ક્યારેક ઘેલા મનને બહેલાવું છું આમ
દ્વાર ખખડાવું છું મારાં લઇને મારું જ નામ.
આભ-ધરતી બેઉ ચોળે છે લલાટે ગર્વથી
પ્રેમીઓની ભસ્મનો પણ છે બહુ ઊંચો મુકામ.
મોત ને મોતીમાં ઝાઝું ખાસ કૈં અંતર નથી
મરજીવા. તારી લગનને રૂપની લાખો સલામ.
પ્યાસ કેવી છે સમંદરની નથી એને ખબર
સાવ પાણીમાં જવાની છે નદીની દોડધામ.

અનુક્રમણિકા

પ્રેમમાં એ રામ પેદા કર કે તારી જિંદગી
મોત પહેલાં કહી શકે ખુદ મોતને લો રામરામ.
કેટલા ભોળા છે આ દુનિયાના લોકો શું કહું ?
શૂન્ય છું જાણ્યા છતાં પૂછે છે મારું નામઠામ.
===========================================

## તીરથ-ધામ

હાલ અમારા પૂછે એને
કહી દેજો બસ ટૂંકમાં આમ
ઉઘડી આંખ બપોરે રણમાં
ભર જંગલમાં થઈ છે શામ.
ઘટમાં શિવ, નજરમાં સુંદર,
મનમાં સત્યનું અક્ષય ઠામ
આજ કોઇના પુણ્ય-પ્રતાપે
તન છે અમારું તીરથ ધામ.
હોય અધર કે નજરો સાકી
અમને તો પીવાથી કામ
જામ છલોછલ હો કરમાં
તો સોચે કોણ પછી અંજામ.
દુનિયા છે ધગધગતી ધરતી,
ક્યાંય નથી ઠરવાનું ઠામ
અહીં તો ખુદનો પડછાયો પણ
આવે ના કોઇને કામ.
પ્રેમ-દિવાનાનો સથવારો
ક્યાં છે જેવું તેવું કામ ?
ચાંદલિયાને ચેન નથી ને
તારલિયાની ઉંઘ હરામ !
લક્ષ્ય-પ્રિયાનું સુંદર મુખડું,
વિઘ્નો-એની જુલ્ફો શ્યામ
તેજ-કિરણના ઓ અભિલાષી,
પડશે નિત અંધકારથી કામ.
ઘટઘટમાં છે બ્રહ્મનો વાસો,
કણકણમાં ઈશ્વરનું ધામ

અનુક્રમણિકા

**શૂન્ય કરે જો નિજનું પૂજન,**
**નામ બિચારાનું બદનામ !**

**==============================================**

## તોફાન છે

**દુશ્મનોને એ જ કારણ માન છે**
**મારી મુઠ્ઠીમાં જ મારો જાન છે.**
**છે કસોટી તો હવે ઓ નાખુદા 1**
**આજ ખુદ કાંઠા ઉપર તોફાન છે.**
**કાં ન ઊઠે મારી શ્રદ્ધા ઓ ખુદા !**
**તું જ ફિરસ્તામાં જ એક શેતાન છે.**
**ભક્તિ માટે દૂર કાં નાખો નજર ?**
**આપના પડખે જ એક ઇન્સાન છે.**
**માર્ગદર્શન લે છે એ અજ્ઞાનથી**
**પાંગળું કેવું જગતનું જ્ઞાન છે.**
**શૂન્ય આજે છે કુબેરોનો કુબેર**
**હાથમાં એના ગઝલ-દીવાન છે.**

**====================================**

## સૌંદર્યનો જવાબ કહો

**જીવનમાં કોઇ દશાને નહીં ખરાબ કહો;**
**કમળને પંકના સૌંદર્યનો જવાબ કહો.**
**ફરજની રાહમાં થઇ જાય જે ફના અંતે,**
**એ જિંદગીને હકીકતમાં કામયાબ કહો.**
**જે દિલમાં ઝૂરતી ઇંસાનિયતનું દર્દ રહે,**
**એ દિલને દિલ નહી અલ્લાહની કિતાબ કહો.**
**દઇને આબરૂ ગુલશનને જે ખરી જાએ,**
**ફક્ત એ ગુલને ખરા અર્થમાં ગુલાબ કહો.**
**જીવનની ટોચથી ચૂંટે જો કોઇને મૃત્યુ,**
**તો એને ગેબી નજરનો જ ઇંતેખાબ કહો.**
**ભલેને હોય એ ટમટમતું કોડિયું નાનું,**
**કરે જહાનને રોશન તો આફતાબ કહો.**
**સદા જીવનમાં રહે શૂન્ય જેના સરવાળે,**

અનુક્રમણિકા

ધરે ન કેમ સિકંદરનો એ રૂઆબ, કહો !

=========================================

## કરુણાની ધારા

વહેશે જીવન-નાવ નિશ્ચિત દિશામાં,
હશે જો નયનમાં કરુણાની ધારા,
ભટકતા નથી એવા નાવિક કદી પણ-
જે પામી શકે ધ્રુવ કેરા ઈશારા.
પ્રણયમાં નથી સારા નરસાના ભેદો,
જુદાઈમાં છે સૌ નઠારા ય સારા,
પરાયા પ્રદેશે જો શત્રુ મળે તો,
નિખાલસ દિલે ભેટશે એ બિચારા !
અમે બેતમા થઇને ચાલી રહ્યા'તા,
અમારું જ અંતર હતું માર્ગ-દર્શક;
સ્વયં મંઝિલે વાટ રુંધી અમારી,
ફરજ થઈ પડ્યા માર્ગ વચ્ચે ઉતારા.
નયનમાં હવે અશ્રુ આવી ચડે તો,
અધર પર તરત સ્મિત ફરકી ઊઠે છે;
જીવન કેરી ક્રાંતિનું કહેવાય ના કૈં,
પુરાણી પ્રથામાં થયા છે સુધારા.
ખુદાના કસમ નાખુદા ચાલ પાછો,
નગુણો નથી એટલો ક્યાંય સાગર;
કરી પાર નૌકા વમળમાંથી જેણે,
એ મોજાંને ભરખી રહ્યા છે કિનારા.
કોઇના સ્મરણની હશે મે'રબાની,
કે ઉપકાર એને જુદાઇનો ગણીએ ?
કદી આંખ તારા ઉપર છે અમારી,
કદી આંખડીમાં અમારી છે તારા.
નયનની મશાલો જલાવી જલાવી,
કરું છું સદા રોશની તારા પંથે,
શરૂઆતથી ભૂલ કીધી છે મોટી,
હૃદયના તિમિર-વનમાં રાખી ઉતારા.
સદા સ્વાર્થમાં આંખ રાખે જે કોરી,

અનુક્રમણિકા

મહિમા કરુણાનો એવા શું જાણે ?
નથી મોતીઓની રતીભાર ત્રેવડ,
અને હંસલા પાળવાના ધખારા !
નિરાશા ઉપર મીટ આશાની માંડી,
જીવન જીવવું વ્યર્થ છે શૂન્ય કેરું,
તર્યું છે કદી પણ કોઈ ડૂબનારું,
વમળમાં તણખલાના લઇને સહારા ?
========================================

## ભટકતા મુસાફર

કરી ગર્વ ઊંડાણનો ઓ સમંદર !
ન કર અલ્પતાનું પ્રદર્શન વધારે
ગહ્નતાને પણ પાળ બાંધી શકે છે,
એ મામૂલી શક્તિ છુપી છે કિનારે.
પુરુષાર્થને તો શહીદી વરી છે,
ભંવરમાંહે વિધિના કાતિલ પ્રહારે;
નથી લાશ જેમાં, છે એવો જનાજો,
આ નૌકા જે આવી ચડી છે કિનારે !
નથી મળતું ટીપું, વધુ માપથી જ્યાં,
આ જીવન છે એવું પરિમિત સુરાલય;
અમર પ્યાસ છે જેની, પીનાર એવા,
પુકારે છે થાકીને મૃત્યુને દ્વારે.
ધરાઇને દર્શન કરી લે ઓ ધરતી !
અમારા મહીં છે બધાયે અગસ્ત્યો,
સમાવે છે સિંધુના સિંધુ ઉદરમાં,
જે ઊભા રહી એક બિંદુના આરે !
તને ક્યાં ગતાગમ છે, ઓ માર્ગદર્શક !
તને શું પડી રક્ત-ભીનાં ચરણની ?
ઉતાવળ ન કર, કંટકા-કીર્ણ પંથે
સુમન વેરવાં છે હજુ તો અમારે.
મળી લો ગળે ઓ ઉતારા-નિવાસી !
ઘડીભરના માટે આ રિસામણાં શાં ?
ભટકતા મુસાફર છીએ રાતભરના,

અનુક્રમણિકા

હશું કોણ જાણે અમે ક્યાં સવારે ?
ન હો જેમાં આનંદ સંગાથ કેરો,
એ સિદ્ધિ મળી ના મળી છે બરાબર,
જવું પડશે મારે ઓ મંઝિલની કેડી !
એ ખોવાયેલા કાફલાની વહારે.
જગે બુદ્ધિનું એક જાળું છે એવું,
ફસાયા પછી જ્યાં નથી છૂટકારો,
હવે સૌ પ્રત્નો નકામા છે, જીવન !
વધી જાશે બંધન વિચારે વિચારે.
જરૂરત છે એક શૂન્યને પામવાની,
ન્સમજવા બધો સાર સંસાર કેરો;
બતાવે છે ગુણદોશ દાવાનળોના,
તિખારો ફક્ત એના એક જ ઈશારે.

==============================================

## વિસરાઇ જાશું

નજર મીળવીશું ને ખોવાઇ જાશું,
કથાઓ બનીશું ને ચર્ચાઈ જાશું.
કહી દો કે, 'મંજૂર છે પ્રેમ તારો,'
હકૂમત કરી કાળ પર છાઇ જાશું.
વસંતોના જોબનને લાલી તો મળશે,
ભલે ! રક્તસિંચીને કરમાઇ જાશું.
તમે ઋણ કાઢ્યા કરો સાતભવનું,
ન પહોંચી વળાશે તો વેચાઈ જાશું.
સભા પર કરો એક પારેખ-દૃષ્ટિ,
હજારો ને લાખોમાં પરખાઇ જાશું.
ગગનમાં ઝગીશું સિતારા બનીને,
અગર આંસુઓ થઇને વેરાઇ જાશું.
નજીવી રમતમાં થયા જન્મ-ફેરા;
ખબર શી અમોને કે બંધાઈ જાશું ?
અમે આપ વિસ્તરશું બ્રહ્માંડ થઈને,
દિલે આપના જો સમેટાઈ જાશું.

અનુક્રમણિકા

ગમે તેમ જીવી જશું તો ય અંતે,
બહુ શાનથી શૂન્ય વિસરાઈ જાશું.

========================================

## જવાનીને !

ઉલ્કા તારા રૂપની વેલ,
ઝંઝા તારા પ્યારેનો ગેલ,
મસ્તી તારા રંગની રેલ;
જામ ઉપાડી હોઠે મે'લ;
ખેલ જવાની આગથી ખેલ !
આશા તારી નાગર વેલ,
મન તારું મોતીનો મહેલ,
ઊર્મિ એક છલકાતી હેલ;
કર ચેતનની રેલમછેલ,
ખેલ જવાની આગથી ખેલ !
માનવતાનું પાણી માપ,
દૈવતનાં જઈ બંધન કાપ,
સ્વર્ગ જપે ખુદ તારા જાપ;
નર્કને એવી ઠોકર મેલ,
ખેલ જવાની આગથી ખેલ !
છોડી દે કંટકનું વેર,
જીરવી લે ફૂલોનું ઝેર,
જીવી જા ઉપવનની પેર;
ફૂંકી દે ઇર્ષાની જેલ,
ખેલ જવાની આગથી ખેલ !
ઊભીને બિંદુને તીર,
ચૂસી લે સિંધુનું હીર,
મોજાના હૈયાને ચીર;
વડવાનળને પૂળો મેલ,
ખેલ જવાની આગથી ખેલ !
કોઇનો ઉપદેશ ન સુણ,
મનની ધૂન પર મસ્તક ધૂણ,
દોરાવું-પડતીનો ગુણ;

અનુક્રમણિકા

તું જ કરી લે તારી પે'લ
ખેલ જવાની આગથી ખેલ !
હિંમતની તોડી દીવાલ,
કિસ્મતને ગરદનથી ઝાલ,
પલ્ટી દે ભાવિના હાલ;
કાળના ગાલે થપ્પડ મેલ,
ખેલ જવાની આગથી ખેલ !
રૂપ છે તારો અદના દાસ,
પ્રેમ છે તારો જીવનશ્વાસ,
ચૌદે લોક છે તારો ગ્રાસ;
પામર થઇ કાં નાખે ટે'લ ?
ખેલ જવાની આગથી ખેલ !

======================================

## નજરની પ્યાસી પ્યાસી

સજળ એક મૃગજળ સમી છે મહોબત,
નયન ભીનાં ભીનાં, નજર પ્યાસી પ્યાસી !
જવાની દિવાનીની આલમ ન પૂછો
વસંતોમાં છે પાનખરની ઉદાસી.
જરા બે કદમ જઇને સ્વાગત કરી લો,
ન ભૂલો એ વિવેક મંઝિલ-નિવાસી !
મજલ દડમજલ કરતો આવી રહ્યો છે,
બહુ દૂરથી એક ધૂની પ્રવાસી.
યદિ પાત્ર છે યોગ્ય તારી કને તો
રહી જા ખડો તું ય દાતાર દ્વારે,
જરૂરી નથી અન્ય એનાં પ્રમાણો,
નથી આપતું કોઇ ભિક્ષા તપાસી.
જુદાઇનો આભાર માની લે ઓ મન !
કદી આટલું દીર્ઘ જીવન મળે ના !
સમયને લગામે ચડાવી શકે જે
એ તાકાત છે પ્રેમની અલ્પ દાસી.
શરીરે જવાનીનો પોશાક-લીરા !
ચરણમાં પુરુષાર્થનું જોમ-ચીરા !

અનુક્રમણિકા

લો આવી ગયો શૂન્ય પાગલ તમારો,
અમી-ઝરતી આંખો, વદન પર ઉદાસી ! !

========================================

## સુણાવી જાય છે

મૃત્યુના મસ્તીભર્યાં ગીતો સુણાવી જાય છે,
જિન્દગી પણ ગેલમાં ક્યારેક આવી જાય છે.
જ્ઞાન જ્યાં અજ્ઞાનની સીમા વટાવી આવી જાય છે,
જે થયા છે દૂર એ પણ પાસ આવી જાય છે.
સ્વર્ગ શું ને નર્ક શું ? છે માત્ર મનની ભાવના,
માનવી દુનિયાને ધારે તે બનાવી જાય છે.
ભાન જીવન-અલ્પતાનું કોણ રાખે છે અહીં ?
જે ઘડી કે બે ઘડી છે સૌ વિતાવી જાય છે.
કાર્ય કરનારાને પરવા હોય શું અંજામની ?
રોજ ઉપવન સેંકડો ફૂલો ખિલાવી જાય છે.
જિન્દગીને જિન્દગી રે'વું છે જગમાં એટલે
પુણ્ય સાથે પાપને પણ એ નભાવી જાય છે.
કેમ દિલ પોષી શકે છે ગમને ? સમજાતું નથી !
જ્યોત જેવી જ્યોત શમાને જલાવી જાય છે.
એટલા માટે જરૂરત જોઉં છું મદિરા તણી;
બેખુદી સૌ ભેદના પરદા ઉઠાવી જાય છે.
રોકવા ચહું છું તો યે શ્વાસ રોકાતો નથી;
કાફલો પોતે જ મંઝિલને વટાવી જાય છે.
દિલની સૂતી વેદના જાગી ઊઠે છે એ જ ક્ષણ,
કોઈ જ્યારે શૂન્યની ગઝલો સુણાવી જાય છે.

========================================

## વિચારમાં

એક જ એવો શૂન્ય જગતના શુમારમાં;
આપી ગયો જે સાર જીવનને અસારમાં.
એક દી' બહાર મા'ણી હતી મેં બહારમાં;
આલેખ એનો છે હજુ પાલવના તારમાં.
કહી દો જુદાઇને કે મિલનમાં મઝા નથી;

ઝાકળ ફના થઈ જશે કિરણોના પ્યારમાં.
બે આંખની નહિ, તો નડી મનનીયે શરમ;
આવ્યાં નહિ નજરમાં તો આવ્યાં વિચારમાં.
આવે છે પાનખરના વિચારો અગાઉથી,
લૂંટી રહ્યો છું આપ હું મુજને બહારમાં.
મારી જીવન-વ્યથાનો અગર એ નથી ચિતાર,
કોના હૃદયનો રંગ છે સંધ્યા-સવારમાં ?
સમભાવની નજર વિના સમજી નહિ શકો,
વાતો કરી ગયું જે હૃદય અશ્રુ-ધારમાં.
મૃત્યુ ઉપર છે શૂન્ય ફક્ત શાંતિનો મદાર,
જીવન કદી સફળ ન થયું એ કરારમાં.

=====================================

## લાચાર હોય છે

પાપીને હાથ વિશ્વનો ઉદ્ધાર હોય છે;
અવતારના રહસ્યનો એ સાર હોય છે.
કોઈનું આગમન અને અશ્રુનો પ્રેમ-ભાવ !
શું ભાવ-ભીનો રૂપનો સત્કાર હોય છે.
જાતે કરી શકે છે કોઈ કાર્ય ક્યાં કદી ?
ઇન્સાનથી ખુદા વધુ લાચાર હોય છે.
વર્ણન કરે છે જ્યારે કોઇ સ્વર્ગ-નર્કનું,
મારી નજરમાં એ ઘડી સંસાર હોય છે.
રેડે જમાનો ઝેર તો પી લે ઓ જિન્દગી !
જીરવી શકે તો ઝેર પણ ઉપચાર હોય છે.
એક અલ્પ જિન્દગી અને પડકાર મોતને !
બુદબુદ કરે જો ગર્વ તો હકદાર હોય છે.
એક શૂન્ય આંખડીથી ખુલાસો મળી ગયો,
દૃષ્ટિ વિના પ્રકાશ પણ અંધકાર હોય છે.

================================

## રંગ ઉન્માદ છે

ભાન છે કોને, જીવન આબાદ કે બરબાદ છે ?
કોઇથી આંખો મળી'તી એટલું બસ યાદ છે !

અનુક્રમણિકા

આંખમાં આંસુ નથી ના હોઠ પર ફરિયાદ છે;
પ્રેમની એ દાદ છે, જ્યાં રૂપની બેદાદ છે.
ફૂલથી થઈ જાશે યદિ રહેશે સલામત કંટકો,
ગમ ન કર, સાથી ! ચરણનો રંગમાં ઉન્માદ છે.
નાવ તો મિલ્કત છે કેવળ કો અધિક બળવાનની,
તીરને તોફાનમાં શા કારણે વિખવાદ છે ?
કોઈની જુલ્ફોનું બંધન મુક્તિ-દાયી થઇ ગયું,
શૂન્ય આજે કાળની હર કેદથી આઝાદ છે.

=================================

## જ્વાળામુખીનું જતન

પ્રથમ કો નયનથી નયનનું મિલન,
પછી નિત્ય જ્વાળામુખીનું જતન !
રૂદન એટલે ફૂંક જ્વાળા તણી,
હૃદય બાળી બાળીને લો સાંત્વન.
જો પામો તો સંસાર સિદ્ધિ જ છે,
જો સમજો તો ઉત્કર્ષ છે ખુદ પતન.
મહોબતનો એક શબ્દ છે ખુદ કથા,
જીવનભરની ખામોશી એનું કથન.
અમર થઇને મરવું નથી ઓ સમય !
ન કર મુજ કવિતાનું ઊંડું મનન !
ગરીબોનાં આંસુની શક્તિ ન પૂછ,
એ ધારે તો સર્જે ધરા પર ગગન.
કરો શૂન્યના હર કદમ પર નજર,
તસુ પણ નથી દૂર એનું વતન.

*****